# યુવાનો સાથે અગનખેલ ખેલવાનું હવે બંધ કરો : મોટા માથા પકડો

**સમયસર**

ગાંધીનગર, તા.૪

લોકરક્ષક દળના પેપર ફૂટવાને મામલે ચારે કોર ચર્ચાઓ ચાલી રહી છે. પોલીસતંત્ર રોજ બે ચાર આરોપીઓને પકડે છે. પ્રેસ કોન્ફરન્સ કરે છે, મોટી મોટી જાહેરાતો થાય છે પણ પરિણામ ઠેરનું ઠેર રહે છે. જે કોઈ પકડાયા છે અને જે કોઈ પકડાવાના છે એમાંથી કોઈની હેસીયત નથી કે પેપર ફોડી શકે. આ બધા તો વાહકો છે, આ બધા તો સામાન્ય ગજાના બેરોજગારો છે. આવા પચાસ પકડાશે તો પણ પરિણામ સુધી પહોંચાશે નહીં 'અ' એ 'બ' ને આપ્યું, 'બ' એ 'ક' ને આપ્યું એવી વાર્તાઓનો કોઈ મતલબ નથી પ્રજાને તો જોઈએ છે નકકર પરિણામ. આ તો બધા બીચારા પહોંચ વગરના આરોપીઓ છે. પોલીસ પ્રામાણિક હોય અને તાકાત હોય તો મોટા માથાઓને ખૂલ્લા પાડે, તેમને પકડી બતાવે. તેમના ચહેરાઓ ગુજરાત સમક્ષ જાહેર કરે. નાની-નાની માછલીઓ પકડવાથી હા ધ્યાન ભટકાવી શકાશે. રોજ અખબારોમાં ચાર ચાર કોલમોના સમાચારો છપાવી શકાશે પરંતુ જ્યાં સુધી આ મગરમચ્છો નહીં પકડાય ત્યાં સુધી આ યુવાનો સાથે ખેલાતા ખેલ બંધ નહીં થાય. બેરોજગારો સામે થતી મજાક મસ્તી બંધ નહીં થાય. પૈસા પેદા કરવાનું કારખાનું બંધ નહીં થાય કે રાજકીય રમતોના ષડયંત્રો બંધ નહીં થાય. ગુજરાતની પ્રજાને અપેક્ષા છે કે પોલીસ નિષ્પક્ષ અને નિર્ભિક બની મોટી મોટી પહોંચવાળા કહેવાતા આગેવાનો 'મોટા માથા'ને ખુલ્લા પાડે. પ્રજા સમજે છે કે આટલે સુધી પહોંચવાનું પોલીસતંત્ર કે વહીવટીતંત્ર માટે સો ટકા અઘરું છે. પરંતુ જો એક વખત દાખલારૂપ તંત્ર હિંમત બતાવશે તો ગુજરાતના લાખ્ખો યુવાનોના આશીર્વાદ ચોકકસ મળશે. પાંચ કે પચાસ લાખ માટે લાખો યુવાનોના ભવિષ્ય સાથે ચેંડા કરનારાઓને કયારેય માફ ન કરી શકાય. નાની-મોટી વોટબેંક સાચવવા ખેલાતા અગનખેલને નાથવો જ પડશે નહીં તો આજે નહીં તો કાલે પોલીસનું કામ પ્રજા કરશે તે વખતે મોડું થયું ગણાશે. એક નહીં બે નહીં-આઠ-દસ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપરો ફૂટે, કૌભાંડો થાય, લાગવગો થાય એનાથી ગુજરાતના યુવાનો તંગ આવી ગયા છે. કયારેક આક્રોશ ભભૂકી ગંભીર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં ખોખલા નિવેદનોના બદલે નકકર પરિણામો આપવાનો સમય આવી પહોંચ્યો છે. કોઈની પણ શેહશરમ રાખ્યા વિન સમગ્ર પ્રકરણમાં નિર્ભિક અને નિષ્પક્ષ તપાસ ગુજરાતની પ્રજા અભિલાષે છે. જેને પકડવા પડે એને પકડવા જોઈએ. જે કોઈ રાજકીય નુકશાન થાય તે થવા દેવું જોઈએ પરંતુ પેપર ફૂટવાના કાંડનો કાયમી ઉકેલ લાવવો જરુરી છે.

નેક અને નિષ્ફળ ગુજરાતની આહલેક જગાવતા ગુજરાતે આવા કૌભાંડથી નીચા જોવાપણું થાય છે. બિહાર, યુપી અને મધ્યપ્રદેશ જેવા ભરતી કૌભાંડોથી ખરડાયેલા રાજયોની હરોળમાં આપણે કેમ અને કોના વાંકે હડસેલાઈ રહ્યા છીએ. સંસ્કારી ગુજરાતના ગૌરવને પુનઃ સ્થાપિત કરવા આવા કૌભાંડોના કાયમી ઉકેલ માટે કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ ભોગે ચમરબંધી હોય તો પણ પ્રજા સમક્ષ હાજર કરવા ગુજરાતના યુવાનો ઝંખી રહ્યા છે.

# શહેરમાંથી ઝુંપડાના ૩૫ દબાણો દુર કરાયા

## શહેરના મુખ્યમાર્ગ પરથી ઝુંપડા અને હોર્ડીંગ્સ દૂર કરાયા : પાર્કીંગ વિસ્તારમાં લારી ગલ્લાના દબાણોનો અડ્ડો : ટ્રાફિક નિયમનના પ્રયાસો વચ્ચે પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ





ગાંધીનગર તા ૪

શહેરના મુખ્યમાર્ગો પરથી હોર્ડિંગ્સ દુર કરવા ઉપરાંત ઝુંપડાના દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ આજે કામે લાગી હતી. સે-૩૦ પ્રેસ સર્કલ તેમજ મુખ્યમાર્ગ આસપાસથી દબાણતંત્રએ ૩૫ જેટલા ઝુંપડાના દબાણો દુર કર્યા હતા. આ ઉપરાંત મુખ્યમાર્ગ પરથી હોર્ડીંગ્સ પણ દુર કરવામાં આવ્યા હતા. વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષીને પણ દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. જેથી અત્યારથી જ નગરને દબાણમુક્ત કરવા અભિયાન હાથ ધરાયુ છે.

ગાંધીનગર શહેરને દબાણમુક્ત કરવા માટે છેલ્લા બે મહીનાથી તંત્ર દ્વારા તબક્કાવાર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની હોવાથી આમ પણ દબાણ મામલે તંત્ર ફરી જાગૃત થયુ છે. શહેરમાં લારી ગલ્લાના દબાણો વારંવાર દુર કરવામાં આવે છે જયારે દબાણો દુર કરાયા બાદ ટુંકા સમયમાં જ યથાસ્થિતિમાં ગોઠવાઈ જતા હોવાની ફરિયાદો પણ હવે આમ બની છે. સેકટરોમાં પણ રહેણાંક વિસ્તાર નજીક ઝુંપડાના દબાણો ઉભા થયા છે. જયારે નગરના મુખ્યમાર્ગને અડીને સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ દબાણો ઉભા થઈ રહ્યા છે. આજે દબાણતંત્ર દ્વારા શહેરમાં ઝુંબેશ હાથ ધરીને સે-૩૦ પ્રેસ સર્કલ પાસેથી ૩૫ જેટલા ઝુંપડાના દબાણો દુર કર્યા હતા. સેકટરોમાં વધતા દબાણોને અનુલક્ષી દબાણતંત્ર દ્વારા હવે આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત શહેરમાંથી હોર્ડીંગ્સ દુર કરવા માટે પણ ટીમ કામે લાગી છે. આજે નગરના મુખ્ય માર્ગ પરથી હોર્ડીંગ્સ પણ દુર કરાયા હતા. શહેરમાં દબાણની સમસ્યા શિરદર્દ સમાન બની છે. સેકટરોમાં કોર્મશિયલ વિસ્તાર આસપાસ લારી ગલ્લા પણ ગોઠવાઈ જતા આમ નાગરિકોને પાર્કીંગ મળતુ નથી. પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાનો અડ્ડો જોવા મળે છે. જેના લીધે ટ્રાફિકની સમસ્યા પણ ઉભી થઈ છે. એકબાજુ શહેરમાં સી સી ટી વી કેમેરાની વોચ ઉપરાંત ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવામાં આવ્યા છે. જયારે ટ્રાફિક માટે અવરોધરૂપ દબાણો હજુ પણ યથાવત છે. ત્યારે પાર્કીંગ વિસ્તારમાંથી પણ દબાણો કાયમી ધોરણે દુર થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો ગાંધીનગર તાલુકામાં

## જિલ્લામાં ૪૧૯૨ બાળકો કુપોષણથી પિડાય છે જેમાં ૧૯૬૧ બાળકો ગાંધીનગરના

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે. જે જિલ્લાના કુલ બાળકોના લગભગ ૪૯ ટકા જેટલા થવા જાય છે.

જિલ્લામાં કુલ ૪૧૯૨ બાળકો કુપોષિત હોવાનું અત્યાર સુધીના થયેલા સર્વેમાં મળી આવ્યા છે. જે પૈકી ૧૯૬૧ બાળકો માત્ર ગાંધીનગર તાલુકાના છે.

જિલ્લામાં ૩૩૯ બાળકો અત્યાર સુધીમાં અતિકુપોષિત મળી આવ્યા છે જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૧૪૪ બાળકો છે. જ્યારે ૩૮૫૩ કુપોષિત બાળકો મળ્યા છે જેમાં ૧૮૧૭ બાળકો ગાંધીનગર તાલુકામાંથી મળ્યા છે.

કુપોષણની સૌથી ગંભીર સમસ્યાનો સામનો ગાંધીનગર તાલુકો કરી રહ્યો છે. આ પછી બીજા ક્રમે કલોલ તાલુકો આવે છે જ્યાં ૧૩૩૫ બાળકો કુપોષિત મળી આવ્યા છે. ત્રીજા ક્રમે માણસા તાલુકો આવે છે જ્યાં ૬૦૨ બાળકો અને દહેગામમાં ૨૯૪ બાળકો કુપોષણથી પિડાતા મળી આવ્યા છે.

આરોગ્યતંત્ર દ્વારા ૧૫-૬-૨૦૧૮થી આ કુપોષિત બાળકો શોધવાનો ચોથો તબક્કો આરંભી દેવામાં આવ્યો છે. જેમાં અત્યાર સુધી ૧,૪૬,૮૯૧ બાળકોના સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે. ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોને આ સર્વેમાં આવરી લેવામાં આવ્યા છે.

બદલાતી જતી જીવનશૈલીએ કુપોષણના મૂળમાં હોવાનું અનુમાન થઈ રહ્યુ છે. કુપોષણની સમસ્યાને નિવારવા માટે તંત્ર દ્વારા છેલ્લા ચાર વર્ષથી આ સર્વે કરવામાં આવે છે. જિલ્લામાં આયુના પ્રમાણમાં ઓછી ઊંચાઈ ધરાવતા બાળકોની સંખ્યા અને ટકાવારી રાજ્ય કરતાં વધુ હોવાનું બહાર આવવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં અતિકુપોષિત બાળકો જે ૧૪૪ મળી આવ્યા છે તે પૈકી ૨૨ બાળકોને સી.એમ.ટી.સી. સેન્ટરમાં સારવાર માટે દાખલ કરી પોષિત કેટેગરીમાં મુકવામાં આવ્યા છે. જિલ્લાના ૯૪ બાળકોને બાલ અમૃતમ્ યોજના હેઠળ તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં કુપોષિત બાળકો પણ ઓછુ વજન ધરાવતા મળી આવ્યા છે. જેમાં ૧૫,૮૨૦ બાળકો અતિ ઓછુ વજન ધરાવે છે જ્યારે ૧૬૪૨૦ બાળકો ઓછુ વજન ધરાવતા મળ્યા છે જે ખરેખર સામાજિક ચિંતાનો વિષય બન્યા છે.

# સે-૮ સહીત ત્રણ રંગમંચનું રીનાવેશન હાથ ધરવામાં આવશે

## રંગમંચના રીનાવેશનના અંતે સેકટરવાસીઓને જરૂરી સુવિધા મળી રહેશે

ગાંધીનગર તા ૪

શહેરના ત્રણ રંગમંચોની સુધારણા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. સે-૮, સે-૨૪ અને સે-૨૭ માં રંગમંચના રીનોવેશનનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. સે-૮ માં પણ સે-૧૬ ની પેટર્ન મુજબ રંગમંચનુ કામ હાથ ધરાશે. જયારે આ ત્રણેય રંગમંચના રીનોવેશન માટે અંદાજિત રૂ ૨.૩૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં વર્ષોથી નિર્માણ કરાયેલા રંગમંચ જાળવણીના અભાવે ખંડેર બનતા લોકઉપયોગી રહ્યા ન હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ હતુ. જયારે ઘણાં સમયના અંતે રંગમંચોની દરકાર લેવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. અગાઉ સે-૧૬ના રંગમંચનુ પણ કાર્પોરેશન દ્વારા નવિનીકરણ કરાયુ હતુ. રંગમંચનો ઉપયોગ લગ્ન પ્રસંગ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પણ થાય છે. જયારે હવે સે-૮ સે-૨૪ અને સે-૨૭ ના રંગમંચનુ પણ કામ હાથ ધરાશે. આ ત્રણેય રંગમંચની સુધારણા પાછળ અંદાજિત રૂ ૨.૩૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ રંગમંચના રીનોવેશન માટે તબક્કાવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ શરૂ કરવામાં આવશે. આગામી દિવસોમાં સે-૧૬ ના રંગમંચની જેમ આ રંગમંચ પણ નવા રૂપરંગ અપાતા સેકટરવાસીઓ માટે સુવિધા ઉભી થશે.

# એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટમાં જિલ્લાનો ક્રમ ૪ આંક ગગડ્યો

**તંત્ર માટે પડકારજનક સ્થિતિ : આરોગ્ય સેવાઓને લઈ વધુ એકવાર પ્રશ્નાર્થ**

ગાંધીનગર, તા. ૪

એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટમાં વધુ એક વખત જિલ્લાનો ક્રમાંક રાજ્યમાં ૨૦માં સ્થાન પર આવતાં જિલ્લાતંત્ર માટે તે ફટકા સમાન છે.

સી.એમ. ડેશ બોર્ડ દ્વારા નિયમિત રીતે મોનીટરીંગ થાય છે તેમજ રાજ્યના મુખ્ય સચિવ કક્ષાએ આ બાબતે બેઠક પણ થતી હોય છે. ગાંધીનગર જિલ્લો ગત મહિને જે ૧૬મા ક્રમે હતો તે આ વખતે ૪ ક્રમાંક ઘટીને ૨૦મા સ્થાને આવતાં જિલ્લાતંત્ર માટે પડકારજનક સ્થિતિનું નિર્માણ થયું છે.

મળતી વિગતો પ્રમાણે આ માટે નિયત કરાયેલા માપદંડોમાં જિલ્લાને ભારે પછડાટ મળવા પામી છે. આ માટે ગઈકાલે અધિકારીઓની એક ખાસ બેઠક પણ યોજવામાં આવી હતી.

જે ક્રમ પાછળ ધકેલાયો છે તેમાં જિલ્લામાં કથળતી જતી આરોગ્ય સેવાઓ છે. ગત મહિને ૧૪મા સ્થાને પહોંચેલ આ સેવાઓ ગગડીને ૨૪મા સ્થાન પર આવી પડી છે. જો કે શિક્ષણમાં સ્થિતિનો થોડોક સુધારો જોવા મળ્યો છે. ૧૯મા ક્રમે રહેલ જિલ્લો ૧૪મા ક્રમે પહોંચ્યો છે.

કૃષિમાં ચોમાસુ નિષ્ફળ રહેતા જિલ્લો ૨૪મા ક્રમથી ૨૯મા સ્થાને પહોંચ્યો છે. તો બેઝીક આંતર માળખાકીય સુવિધાઓમાં જિલ્લો ૧૦મા ક્રમે છે. સ્કીલ ડેવલપમેન્ટમાં પણ ૨૯મા ક્રમેથી ૨૬મા ક્રમે પહોંચ્યો છે. આ ઉપરાંત નાણાંકીય સુવિધાઓમાં ૨૦મા ક્રમેથી ૧૪મા ક્રમે જિલ્લો આવ્યો છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના ક્ષેત્રે મળેલી પછડાટે જિલ્લાને પાછળ ધકેલી દીધો છે. વિવિધ વિભાગોની સેવામાં થોડોક સુધાર જરૂર થયો હોવાનું ચિત્ર ઉપસ્યુ છે પણ તે સંતોષકારક નહિ હોવાથી અધિકારીઓને આ માટે કડક તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# ટેકાના ભાવે ૨૭ હજાર બોરી મગફળીની ખરીદી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજ સુધીમાં ૨૭ હજાર બોરી મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં મગફળીની ખરીદી બાદ ચુકવણાની કામગીરી પણ આજથી આરંભાઈ ચુકી છે અને ૧૦૦થી વધુ ખેડૂતોને ૫૦ લાખ જેટલી રકમનું ચુકવણુ કરવામાં આવ્યું છે.

જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદી અંગે આજે રાજ્યના પુરવઠા મંત્રી જયેશ રાદડિયાએ પણ સમીક્ષા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આગામી એક-બે દિવસમાં ખેડૂતોને ચુકવણીની કામગીરી ઝડપથી આગળ વધશે. આજે પ્રથમ દિવસે ૧૦૦થી વધુ ખેડૂતોને રૂ. ૫૦ લાખની ચૂકવણી કરી દેવામાં આવી છે.

આ પ્રક્રિયા બુધવારના રોજ આગળ વધશે અને મળતી વિગતો પ્રમાણે બીજી સુધી વેચાણ કરનારાઓને આજે ચુકવણી કરી દેવાય તેવી શકયતાઓ છે.

જિલ્લામાં ગઈકાલે ૭૦ જેટલા ખેડૂતો પાસેથી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી તો આજે વધુ ૩૦ જેટલા ખેડૂતો પાસેથી ખરીદી કરવામાં આવી હતી. ખરીદીની કામગીરી ઝડપી બને તે માટે તંત્ર દ્વારા વધુ કર્મચારીઓને ફરજ પર મુકવામાં આવ્યા છે. બિન સત્તાવાર વિગતો પ્રમાણે જિલ્લામાં ખરીદ પ્રક્રિયા ઝડપી બને તે માટે બીજુ કેન્દ્ર ઉભુ કરવા અંગે મળેલી રજુઆત પછી તંત્રે વિચારણા હાથ ધરી છે અને ટુંકમાં આ દિશામાં સકારાત્મક નિર્ણય લેવાય તેવી શકયતાઓ છે.

# ચંપાવતના તલાટી કાંડની જેમ આ કૌભાંડની તપાસ પણ 'ઉપર' નહિ જાય..??

## અત્યાર સુધી પકડાયેલા આરોપીઓ પૈકી મોટાભાગના બનાસકાંઠા અને ચૌધરી સમાજના હોવાનું બહાર આવ્યું

ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાં ચકચાર મચાવી દેનાર ગુજરાતના કલ્યાણસિંહ ચંપાવત તલાટી કાંડની યાદ આ લોકરક્ષક પેપર લીક કૌભાંડ અપાવી રહી છે. તલાટી કાંડમાં પકડાયેલા મુખ્ય સૂત્રધાર કલ્યાણસિંહ ચંપાવત તપાસ કરતી પોલીસને તો ઠીક પરંતુ મીડિયાની સામે પણ ગળુ ફાડી ફાડીને નામજોગ બોલતા હતા કે આ કૌભાંડ ભાજપના ચોક્કસ નેતાઓની સીધી ગાઈડ લાઈન મુજબ ચલાવવામાં આવતું હતું અને પાર્ટી ફંડ એકત્ર કરવા માટે ભાજપના નેતાઓએ જ આ રૂપિયા ઉઘરાવવાની લીલી ઝંડી કલ્યાણસિંહ ચંપાવતના આપી હતી તેઓ દાવો તે કરી રહ્યા હતા. જોકે તે તપાસમાં પણ આખરે 'ઉપર' કોઈ ના નામ ખુલ્યા નહીં અને તપાસનો ફીંડલું વળી ગયું હતું. ચકચારી તલાટી કાંડ બાદ અત્યારે બીજું મોટું પેપર લીક કૌભાંડ બહાર આવ્યું છે જે લોકરક્ષક પેપર લીક છે. આ કેસમાં અત્યાર સુધી આઠ આરોપીઓ પકડાયા છે જેમાં બે ભાજપમાંથી ચૂંટણી લડી ચૂકેલા કાર્યકરો હોવાનું બહાર આવ્યું છે. ત્રીજા એક વ્યક્તિને સંડોવણી બહાર આવી જે મનહર નામના શખ્સનો મિત્ર છે. તે પણ ભાજપનો કાર્યકર હોવાનું ખુલ્યું છે અને તેને પણ ભાજપે સસ્પેન્ડ કરવો પડ્યો છે. આ ગુનામાં જેટલા આરોપીઓ પકડાયા છે તે પૈકીના મોટાભાગના બનાસકાંઠાના અને ચૌધરી સમાજના હોવાનું ધ્યાને આવ્યું છે. આ કૌભાંડમાં ભાજપના અન્ય નેતાઓની સંડોવણી હોવાની પણ ચર્ચાઓ ચાલી છે ત્યારે આ તપાસ 'ઉપર' જશે કે કેમ તે ચર્ચાઓએ પણ જોર પકડ્યુ છે.

# દિપડો પીંપળજમાંથી સ્થળાંતર કરી ગયો હોવાનુ વનતંત્રનુ તારણ

## દિપડા માટે મારણ મુક્યુ પણ કાંઇ હાથ ન લાગ્યુ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર નજીક પીંપળજ ગામમાં દિપડાએ દેખા દીધી હોવાની વાત પ્રકાશમાં આવતા વનતંત્રએ પીંપળજના સિમાડાઓ ખુંદવાનુ ચાલુ કર્યુ છે. પરંતુ બે દિવસના અંતે પણ દિપડાનો કોઈ અત્તો પત્તો નથી. દિપડાને પાંજરામાં પુરવા માટે વનતંત્રએ મારણ મુક્યા બાદ પણ દિપડાની કોઈ હરકત સામે આવી નથી. ત્યારે દિપડો આ ઠેકાણેથી સ્થળાંતર કરી નિકળી ગયો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જો કે વનતંત્રએ આજે બે ઠેકાણે પાંજરા મુકી વધુ એક ચાન્સ લીધો છે.

ગાંધીનગરના પીંપળજ ગામની સીમમાં બે દિવસથી દિપડાની શોધખોળના અંતે પણ હજુ દિપડો વનતંત્રની ગિરફતમાં આવ્યો નથી. દિપડાને પાંજરામાં કેદ કરવા મારણ મુકવાના પ્રયાસને પણ સફળતા મળી નથી. વનતંત્રએ દિપડો અન્ય જગ્યાએ સ્થળાંતર કરી ગયો હોવાની શક્યતા પણ વ્યકત કરી છે. જો કે આજે દિપડાને પકડવા માટે બે ઠેકાણે પાંજરા મુકવામાં આવ્યા છે. આ પ્રયાસના અંતે પણ દિપડો હાથ નહીં લાગે તો દિપડો નદીકાંઠાના વિસ્તારમાં આગળ નિકળી ગયો હોવાનુ નક્કી થશે. ઘણાં દિવસો અગાઉ પણ પીંપળજમાં ખેડુતોએ દિપડાને



● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com